# ટેકાના ભાવે ખરીદ કેન્દ્રોનો ટેકો ખેડૂતો માટે નકામો

## મોડાસા માર્કેટયાર્ડમાં ખુલ્લા બજારમાં ૩૦૦થી વધુ ટ્રેક્ટરો સાથે મણે ૨૫૦થી વધુ નુકશાન

મોડાસા, તા. ૨૨

કમોસમી વરસાદ બાદ અરવલ્લી જિલ્લામાં થયેલ મગફળીના પાકને નુકશાન બાદ બચેલો પાક ટેકાના ભાવે વેચવામાં મુશ્કેલી પડતા ખેડૂતો ઓછા ભાવે માર્કેટયાર્ડમાં વેપારીઓને મગફળી વેચવા ખેડૂતો મજબૂર બન્યા છે. એક બાજુ રવિ સીઝનની વાવણી માટે રૂપિયાની જરૂરિયાત ઉભી થતા ખેડૂતો માર્કેટયાર્ડમાં મગફળી વેચવા મજબુર બનતા માર્કેટયાર્ડના વેપારીઓ પણ ખેડૂતોની મજબુરીનો લાભ ઉઠાવી મણે ૨૫૦થી ૩૦૦ રૂપિયા ઓછા આપી રહ્યા છે. ખેડૂતો પાસેથી ૭૫૦ થી ૮૫૦ સુધી મણે ખરીદી કરતા ખેડૂતોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

ચાલુ વર્ષે જિલ્લામાં ખેડૂતો એ મગફળીનું મબલખ વાવેતર કર્યું હતું. સારો વરસાદ થતાં સારી ઉપજ મળવાની ખેડૂતોને આશા હતી પરંતુ કમોસમી વરસાદ થતાં મહામુલો પાક પલડી ગયો જેના કારણે ખેડૂતોને જે સારી ઉપજ મળવાની આશા હતી એ આશા પર પાણી ફરી વળ્યા. જિલ્લામાં ૧૪ હજારથી વધુ હેકટર જમીનમાં મગફળી સંપૂર્ણ નિષ્ફળ જવા પામી છે. માંડ ૨૦ ટકા મગફળીનો પાક બચ્યો છે. સરકારે મગફળી ટેકાના ભાવે ખરીદવાનું નક્કી કર્યું છે ત્યારે ખેડૂતો જ્યારે ટેકાના ભાવે વેચવા માટે ખરીદ કેન્દ્રમાં જાય છે ત્યારે મગફળીના છેડે ડાંડી છે હવા વધુ છે કોઈને કોઈ બહાને ખેડૂતોની મગફળી રિજેકટ કરવામાં આવે છે. જેથી ટેકના ભાવે મગફળી વેચવા નડતી કનડગતને કારણે ખેડૂતો ઓછા ભાવે માર્કેટમાં વેપારીઓને મગફળી વેચવા મજબૂર બન્યા છે.

આજે મોડાસા માર્કેટયાર્ડમાં વેપારીઓને ટેકા વગર મગફળી વેચવા માટે લાંબી લાંબી લાઈનો લાગી છે. લગભગ વહેલી સવારથી ૩૦૦ થી વધુ ટ્રેક્ટર મગફળી લઈને ખેડૂતો મોડાસા માર્કેટયાર્ડ પહોંચ્યા છે અને ટેકના ભાવે નડતી મુશ્કેલીઓ અને લગ્ન સિઝન, બાળકોના અભ્યાસ વગેરે બાબતે નાણાંની જરૂરિયાતને કારણે મણે ૨૫૦થી ૩૦૦ રૂપિયા ખોટ વેઠીને પણ મગફળી વેપારીઓને વેચવા વહેલી સવારથી મોડાસા માર્કેટયાર્ડમાં ખેડૂતોનો ખડકલો જોવા મળ્યો હતો.





ડીસા વિજાપુર બસ ડ્રાઈવરનો વિડિયો વાયરલ

# જાગૃત નાગરિકે ડ્રાઈવર અને કંડક્ટરને કાયદાનું ભાન કરાવ્યું

## ટ્રાફિકના નવા નિયમો આમ જનતા માટે જ હોય તેવું પુરવાર

ડીસા

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં મોટર વહીકલના કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે અને કાયદાનો ભંગ કરનાર વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવાના આદેશ કરવામાં આવ્યા છે પરંતુ ખુદ સરકારી બાબુઓ જ કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા છે સરકારના નિયમ અનુસાર સહુથી પહેલાં સરકારી વાહનચાલકો દ્વારા નિયમોનું પાલન કરવાની રાજ્ય સરકાર દ્વારા કડક સુચનાઓ આપવામાં આવી છે પરંતુ વહીવટી તંત્રની બેદરકારીથી સરકારી વાહનચાલકો ખુલ્લેઆમ નવા મોટર વહીકલ કાયદાનાં ધજાગરા ઉડાવતાં નજરે પડી રહ્યા છે પરંતુ હવે જનતા પણ જાગૃત થઈ છે સરકાર દ્વારા આમ જનતાને ટ્રાફીક નિયમોનું પાલન કરાવીને હેરાન પરેશાન કરવામાં આવે છે ત્યારે સરકારી વાહનચાલકોને મોટર વહિકલના નિયમોનું પાલન ખુદ જનતા કરાવી રહી છે.



જ્યારે ગઈકાલે ડીસાથી વિજાપુર જતી બસના ડ્રાઈવર દ્વારા સીટ બેલ્ટ બાંધવામા આવ્યો ન હતો જેથી બસમાં સવાર એક જાગૃત નાગરિકે પોતાના મોબાઈલમાં વિડિયો ચાલું કરીને બસ ડ્રાઈવરને સીટ બેલ્ટ કેમ નથી લગાવ્યો અને બસમાં ક્ષમતા કરતાં વધુ પેસેન્જર કેમ બેસાડવામાં આવ્યા છે ? તેમ પૂછ્યું હતું ત્યારે બસ ડ્રાઈવરે પોતાની ભુલ કબુલ કરીને સીટ બેલ્ટ લગાવી દીધો હતો પરંતુ બસ કંડકટર વધુ પેસેન્જરના સવાલમાં જવાબ રજુ કરવામાં આનાકાની કરતા દોષનો ટોપલો સરકાર તેમજ એસ ટી વિભાગ ઉપર ઢોળીને છટકી ગયા હતા. પરંતુ વિડિયો બનાવનાર જાગૃત નાગરિક દ્વારા જણાવાયું હતું કે સરકારના કાયદા નિયમો આમ જનતા માટે ઘડવામાં આવે છે સરકારી વાહનચાલકો માટે નથી બસ ડ્રાઈવરે સીટ બેલ્ટ ના લગાવ્યો અને બસમાં ક્ષમતા કરતાં વધુ પેસેન્જર બેસાડવામાં આવે છે છતાં આરટીઓ વિભાગ કે ટ્રાફીક પોલીસ દ્વારા કોઈજ કાર્યવાહી કરવામાં આવતી નથી પણ આમ જનતા જો નિયમોનું ઉલ્લંઘન કરે તો કડક કાર્યવાહી કરવામાં આવે છે તો બંધારણના કાયદા અનુસાર આરટીઓ વિભાગ તેમજ ટ્રાફીક પોલીસ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનાર સરકારી વાહનચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી લોકોની પણ માંગ ઉઠવા પામી છે.

# પાલનપુર હાઈવે પર સોની વેપારી લૂંટાયો

## અજાણ્યા ચાર ઈસમોએ સોની વેપારીને નીચે પાડી આંખમાં મરચાની ભૂકી નાખી દસ તોલા સોનાના દાગીનાનો થેલો લઈ ફરાર થયા

પાલનપુર શહેરના દિલ્હીગેટ વિસ્તારમાં સોના ચાંદીની દાગીનાની દુકાન ધરાવતા સોની વેપારી સાથે લૂંટની ઘટના બની હતી. પાલનપુર હાઈવે પર અજાણ્યા ઈસમો આ સોની વેપારી નો દાગીના ભરેલો થેલો લઈ ફરાર થઈ ગયા હતા.

પાલનપુરના દિલ્હીગેટ વિસ્તારમાં આર.એસ જ્વેલર્સ નામની દુકાન ધરાવતા રાજુભાઈ પટેલ નામના વેપારી દુકાન વધાવી ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે એરોમા સર્કલ નજીક અજાણ્યા કારચાલકે બાઈક આગળ કાર ઊભી રાખી હતી. જેને લઈને વેપારી નીચે પડી ગયા હતા. ત્યારબાદ અજાણા ચાર ઈસમોએ નીચે ઉતરી અને આ સોની વેપારીના આંખમાં મરચાની ભૂકી નાંખી હતી. અને તેમની પાસે રહેલો અંદાજે ૧૦ તોલા દાગીના ભરેલો થેલો લઈ ફરાર થઈ ગયા હતા.



જોકે આ ઘટનાને પગલે પશ્ચિમ પીએસઆઈ સોલંકી ઘટનાસ્થળે દોડી ગયા હતા. અને ત્યારબાદ એસપી તરૂણ દુગ્ગલ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા જોકે પોલીસે લૂંટારા કઈ દિશામાં ગયા છે તેની તપાસ હાથ ધરી છે. પરંતુ જે પ્રકારે પાલનપુરમાં ગુનાખોરીનો ગ્રાફ વધતો જાય છે અને દિન-પ્રતિદિન ગુનાઓ બનતા જાય છે ત્યારે ક્યાંક ને ક્યાંક પોલીસ તંત્રની પકડ હવે ગુનેગારો પરથી ઢીલી થતી જાય છે. જોકે પોલીસે અત્યારે ત્રણ ટીમો બનાવીને લૂંટારુઓની શોધવાની દિશામાં તપાસ હાથ ધરી છે.

## પાલનપુરમાં દાંતના ક્લિનિકમાં તસ્કરો ત્રાટકયા

પાલનપુર શહેરના દિલ્હીગેટ વિસ્તારમાં આવેલી ટ્રસ્ટ સંચાલિત દાંતના દવાખાનામાં તસ્કરો ત્રાટકયા હતા.

પાલનપુર શહેરના દિલ્હીગેટ વિસ્તારમાં જનસેવા ટ્રસ્ટ સંચાલિત દાંતના ક્લિનિકને નિશાન બનાવી તસ્કરો ત્રાટકયા હતા. જેઓ લેપટોપ તેમજ સેન્સરની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ક્લિનિકના પહેલા માળે વેન્ટિલેશનની બારી તોડી ચોરી કરી હોવાનું અનુમાન વ્યક્ત થઈ રહ્યું છે. ઘટનાની જાણ થતા પૂર્વ પોલીસ મથકના પીઆઈ તેમજ સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો. જ્યાં પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરાઈ હતી.

# ગુજરાત સરપંચ પરીષદ સંગઠનમાં બનાસકાંઠા જિલ્લા મહામંત્રી પદે રાકેશભાઈ ભીખાભાઈ પ્રજાપતિની વરણી

વડગામ,

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મેપડા-બાદરપુરા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ રાકેશભાઈ ભીખાભાઈ




પ્રજાપતિની સરપંચ પરીષદ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં મહામંત્રી પદે વરણી કરાતાં વડગામ સહીત જિલ્લાના સરપંચોમાં આનંદ સાથે હર્ષની લાગણી પ્રસરી છે.

સરપંચ પરિષદ - ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના તમામ સરપંચો ને જણાવવામાં આવે છે કે બનાસકાંઠાના જિલ્લા ના સમગ્ર સરપંચો ને તમામ રીતે મદદરૂપ સાથે માહિતગાર કરવા માટે ના હેતુ ધરાવતા આપણા " ફોરમ ફેડરેશન ઓફ રિલાએબલ એમીનીટી એન્ડ મેનપાવર" સંચાલિત સલાહકાર સમિતિ એવી સરપંચ પરિષદ - ગુજરાત ના બનાસકાંઠા જિલ્લાના મહામંત્રી તરીકે સક્રિય યુવા આગેવાન વડગામ ભાજપ યુવા મોરચા ના મંત્રી પ્રજાપતિ સમાજના યુવા આગેવાન અને વડગામ તાલુકા ના? મેપડા - બાદરપુરા ગ્રામ પંચાયત ના યુવા અને શિક્ષિત સરપંચ એવા રાકેશભાઈ ભીખાભાઈ પ્રજાપતિ ની તારીખ - ૨૦-૧૧-૨૦૧૯ થી સરપંચ પરીષદ ગુજરાત ના સંગઠનોમાં બનાસકાંઠા જિલ્લાના સરપંચ પરીષદમાં મહામંત્રી પદે વરણી સાથે જવાબદારી આપવામાં આવી છે. જિલ્લા મહામંત્રી તરીકે હોદ્દા ની રૂએ જીલ્લા ના અન્ય હોદેદારો અને ઝોન સમિતિ ડેલીગેટ ની ટુંક સમયમાં નિમણૂંક કરવામા ધ્યાન આપસોજી રાકેશભાઈ ભીખાભાઈ પ્રજાપતિ નો મો. - ૦૮૪૬૯૮ ૮૯૬૭૦ છે જે જિલ્લાના સરપંચો ના જાણ સારૂ છે.જિલ્લા સમિતિ માટે આપને ઉપયોગી સરપંચો ના નામ સૂચવી શકો છો આપણા સરપંચ પરિષદ - ગુજરાત ના ચેરમેન જુવાનસંગ ડોડીયા નો મો. - ૦૯૯૦૪૦ ૯૯૦૫૦ - સંગઠન મંત્રી - બાલકૃષ્ણ જીરાલા - ૦૯૯૭૯૦ ૦૪૩૭૩ ને પણ સારા મિત્રો ના નામ સૂચન કરી શકો છો સરપંચ પરિષદ - ગુજરાત હેલ્પલાઈન - ૦૬૩૫૩૩ ૯૫૩૭૫ નોંધી સરપંચ પરિષદ મજબૂત બનાવા જણાવાયુ છે.

# ખાનગી વાહનોમાં મુસાફરોની જીવના જોખમે મોતની મુસાફરી



ડીસા, તા. ૨૨

બનાસકાંઠાની આર્થિક પાટનગરી એવા ડીસાની આસપાસ અનેક ગામો આવેલા છે જેમાં વસવાટ કરતા અનેક લોકો ધંધા અને ખરીદી અર્થે દરરોજ વાહનો મારફત ડીસા આવતા હોય છે. એસ.ટી. ડેપો દ્વારા છેવાડાના ગામડા સુધી બસની વ્યવસ્થા કરવામાં આવી હોવાના દાવા કરવામાં આવે છે, પણ ગામડાઓમાં બસ સેવા કથળી છે તે હકીકત છે. જેના કારણે કેટલાય મુસાફરો ઉતાવળમાં ખાનગી અને સટલિયા વાહનોમાં જોખમી મુસાફરી કરી જીવ જોખમમાં મૂકવા મજબૂર બની રહ્યા છે. ખાનગી વાહન ચાલકો વધુ ભાડુ રળવાની લ્હાયમાં જીપ, રીક્ષા, ઈકોમાં ઘેટાં બકરાની જેમ મુસાફરો ભરી રહ્યા હોવા છતાં પોલીસને આ જોખમી રીતે મુસાફરોની હેરાફેરી કરતા વાહન ચાલકો નજરે ચડતા નથી. ખુલ્લેઆમ ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા ખાનગી વાહન ચાલકો કાયદા અને નિયમોને પણ ઘોળીને પી ગયા હોય તેવું સ્પષ્ટ પણે લાગી રહ્યું છે. વધુ ભાડું મેળવવા આ વાહન ચાલકો મુસાફરોને જીપના હુડ ઉપર મુસાફરી કરાવી કાયદાનો સરેયામ ભંગ કરી રહ્યા હોવાની ઘટના સામાન્ય બની છે. ખીચોખીચ મુસાફરો ભરી દોડતા વાહનો અનેક માર્ગ અકસ્માત સર્જી મોટી ખુવારી સર્જતાં હોવા છતાં ટ્રાફિક પોલિસ હપ્તાબાજીના કારણે આંખ આડા કાન કરી પોતાનાં ખીસ્સા ભરી મુસાફરોનો જીવ જોખમમાં મૂકી રહી છે. હાલમાં માર્ગ અકસ્માતો ટાળવા સરકારે નિયમો કડક બનાવ્યા છે પણ અહીં તેનું લેશમાત્ર અમલીકરણ થતું નથી. આ મામલે જિલ્લા પોલીસ વડા આવા વાહન ચાલકો ઉપર સખ્તાઈ દર્શાવે તે અત્યંત જરૂરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાઈવેટ વાહન ચાલકો માટે આકરા ટ્રાફિકના નિયમો લાગુ કરી અનેક પ્રકારના દંડ વસુલી રહી છે. ટ્રાફિકના આવા કાયદાનો વાહન ચાલકો પણ ભારે વિરોધ દર્શાવી રહ્યા છે. ત્યારે ખાનગી જીપ ચાલકો રીક્ષા ચાલકો માટે કોઈ જ કાયદો નથી તેવું લાગી રહ્યું છે. ડીસાના એસ.સી.ડબ્લ્યુ, ગાયત્રી મંદિર, ફુવારા સર્કલ, જુના બસસ્ટેન્ડ, બગીચા સર્કલ, પશુબજાર સહિતની જગ્યાઓ ઉપર ખાનગી વાહન ચાલકો ગેર કાયદેસર અડિંગો જમાવી ટ્રાફિકના નીતિ નિયમો નેવે મૂકી તગડુ ભાડું વસુલવાની સાથે મુસાફરોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે. ત્યારે ટ્રાફિક પોલીસની શકમંદ કાર્યવાહી સામે જિલ્લા પોલીસ વડા લાલ આંખ કરે તેવો જનમત પ્રવર્તે છે.

# છાપરા ગામના મહિલા સરપંચ સ્વામી વહીવટમાં હસ્તક્ષેપ કરતા હોવાની રાવ

પાલનપુર તાલુકાના છાપરા ગ્રામ પંચાયતના વહીવટમાં સરપંચ સ્વામી દખલગીરી કરતા હોવાની રાવ ઉઠી છે. મહિલા સરપંચના પતિ વહીવટી અને નાણાંકીય બાબતોમાં દખલગીરી કરવા સાથે સહીઓ પણ કરતા હોવાનો ઉપસરપંચે ગંભીર આક્ષેપ કર્યો છે. તેઓએ જીલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરી બાંધકામ કામોમાં ગેરરીતિ સામે તાલુકા પંચાયતના કર્મચારીઓની ભુમિકા સામે પણ સવાલો ઉભા કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર તાલુકાના છાપરા ગામની મહિલા સરપંચ વિરૂધ્ધ ઉપસરપંચે સવાલો ઉઠાવી ડીડીઓને રજૂઆત કરી છે. જેમાં વાઉચરમાં સરપંચના પતિની સહીઓ, તલાટીની મિલીભગત થી સરપંચનો વહીવટ, એજન્ડામાં પણ સરપંચના પતિની સહી, વિકાસકામોમાં ગેરરીતિ સહિતના મુદ્દે ગંભીર આક્ષેપો સાથેની બનાસકાંઠા જીલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરતા નાના એવા ગામમાં મોટો રાજકીય જંગ ખેલાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મહિલા સરપંચ સુરેખાબેન સાથે તલાટી સામે પણ ઉપસરપંચ ભેરાભાઈ સાયબાભાઈ ડામોરે ગંભીર સવાલો ઉભા કર્યા છે. આ સાથે ગત સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન ગ્રામ પંચાયતે બનાવેલી પાણીની ટાંકી ગાઈડલાઈન અને એસ્ટીમેન્ટ પ્રમાણે ન હોવા છતાં તેમજ કામ અધૂરૂ હોવા છતાં પેમેન્ટ થયાનુ જણાવ્યુ છે. સમગ્ર મામલે ઉપસરપંચે જીલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કર્યા બાદ નાયબ ડીડીઓ સી.સી.પટેલ ને મળી તપાસ કરવા માંગ કરી છે.

# પુસ્તક ચોરી પ્રકરણની તપાસ માટે કમીટી રચાઈ

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગરની જુની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી બે દિવસ અગાઉ ધો. ૮ના જુના અભ્યાસક્રમના અંદાજે રૂ. ૨૮ હજારની કિંમતના ૧૩૦૦થી વધુ પુસ્તકોની ચોરી કરનાર બે શખ્સોને એક વાહન સાથે પોલીસે ઝડપી લીધા બાદ આ પ્રકરણની તપાસ કરવા માટે શુક્રવારે જિલ્લા શિક્ષણાધિકારીએ ચાર અધિકારીઓની તપાસ અને નિકાલ કમિટી બનાવી છે. જેનો અહેવાલ આવી ગયા બાદ આ પુસ્તકોનો નિકાલ કરવા માટે રાજ્યના શિક્ષણવિભાગ પાસેથી પરવાનગી માંગવામાં આવશે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસે શુક્રવારે એક વાતચીતમાં જણાવ્યું હતું કે બે દિવસ અગાઉ જુની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ધો. ૮ના જુના અભ્યાસક્રમના કેટલાક પુસ્તકો વણઉપયોગી પડી રહ્યા હતા. દરમ્યાન હિંમતનગરના બે શખ્સોએ એક રીક્ષામાં આ પુસ્તકો ભરી લઈ જઈ રહ્યા હતા ત્યારે બી.ડીવીજન પોલીસે બંનેને દુર્ગાબજાર નજીકથી પકડી લીધા હતા. ત્યારબાદ જિલ્લા શિક્ષણાધિકારીનુ જાણ કરાયા બાદ બી.ડીવીજન પોલીસે ફરીયાદ દાખલ કરી હતી.

તો બીજી તરફ આ પુસ્તકો જુની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં અવાવરૂ જગ્યાએ પડ્યા હોવાની માહિતી હિંમતનગરના બે શખ્સોએ રેકી કરીને મેળવી હોવાની શક્યતા છે. જોકે ચોરી કરનારના પગ હંમેશા કાચા હોય છે તેમ પુસ્તકોની ચોરી કરનાર બંને જણા બી.ડીવીજન પોલીસને હાથે પકડાઈ જતા ભાંડો ફુટ્યો હતો. જેથી સરકારના નીતિ નીયમ મુજબ શુક્રવારે કચેરીના ચાર અધિકારીઓ સાથે વિચારવિમર્શ કરી તપાસ-નિકાલ કમિટીની રચના કરવામાં આવી છે.

## ડીસાની રેલવે સ્ટેશન શાળામાં બાળકોને ખીચડી કઢીનું ભોજન અપાયું

ડીસા, તા. ૨૨

ડીસાની રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળામાં ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે શુક્રવારે શાળાની શિક્ષિકાઓ દેસાઈ હંસાબેન તથા પટેલ મિત્તલબેને શાળાના તમામ બાળકો માટે અન્નપૂર્ણા રથ બોલાવી તમામ બાળકોને ખીચડી કઢીનું ભોજન પીરસવામાં આવ્યું હતું. તમામ બાળકોએ ખીચડી કઢીનો સ્વાદ માણી આનંદ અનુભવ્યો હતો.

# નવા ગામ પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા બાઈકચાલકનું મોત

હિંમતનગરના ખેડતસીયા રોડ પર આવેલ નવા ગામની સીમમાંથી પાંચ દિવસ અગાઉ પસાર થઈ રહેલ એક અજાણ્યા વાહનચાલકે બાઈકને ટક્કર મારાત ગંભીર ઈજાને કારણે બાઈકચાલકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. ઉપરાંત એક ચાર વર્ષના બાળકને પણ ઈજા થઈ હતી. જે અંગેની ફરીયાદ ગુરૂવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે હિંમતનગરના બલવંતસિંહ હિંમતસિંહ ચૌહાણે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૭ નવેમ્બરના રોજ ખેડતસીયા રોડ પર આવેલ નવા ગામની સીમમાંથી પસાર થઈ રહેલ એક અજાણ્યા વાહનચાલકે બાઈક નં. જીજે-૯-કે-૭૫૯૦ને ટક્કર મારતા બાઈકચાલક શૈલેષસિંહને તથા ચાર વર્ષના દેવરાજને ઈજા થઈ હતી. જેથી બંનેને સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં ગંભીર ઈજાને કારણે શૈલેષસિંહનું મોત નિપજ્યું હતું. તથા અકસ્માત કરીને અજાણ્યો વાહનચાલક ભાગી ગયો હતો. જેથી બળવંતસિંહ ચૌહાણે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



દિ. જૈન સંપ્રદાયના રાષ્ટ્રસંત આચાર્ય સુનિલસાગરજી માટેની ગુરૂવંદના પ્રદર્શિત કરતી એક વિડીયો સીડીનુ વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કર્યુ. બાલબ્રહ્મચારી શ્વેતાદીદી દ્વારા રચિત અને તેઓના જ મધુર કંઠથી કંડારાયેલી આ સીડીના વિમોચન પ્રસંગે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.